# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

*****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દોહામાં આયોજિત FIDE વર્લ્ડ બ્લિટ્ઝ ચેસ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીતવા બદલ અર્જુન એરિગૈસીને અભિનંદન પાઠવ્યા**
2. **કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પંજાબમાં મનરેગા સહિત અનેક યોજનાઓમાં મોટા પાયે ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો**
3. **CBSEની સુધારેલી તારીખો જાહેર, ધોરણ 10 ની પરીક્ષા 11 માર્ચ અને 12 ની પરીક્ષા 10 એપ્રિલના લેવાશે**
4. **ઉત્તરાખંડના ચમોલીમાં વિષ્ણુગઢ હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટના પીપલકોટી ખાતે ટનલ બોરિંગ મશીન સ્થળ પર લોકો ટ્રેન અથડાતા 12 લોકો ઘાયલ**
5. **31મી ડિસેમ્બર અને નવા વર્ષના આગમનની ઉજવણી સલામત રીતે થાય તે માટે મુંબઇ પોલીસ સજ્જ**
6. **વર્ષના અંતિમ દિવસે ભારતીય શેરબજારમાં તેજીનો માહોલ.**

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM - ARJUN ERIGAISI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં FIDE રેપિડ ચેસ ચેમ્પિયનશિપમાં કાંસ્ય ચંદ્રક જીત્યા બાદ દોહામાં FIDE વર્લ્ડ બ્લિટ્ઝ ચેસ ચેમ્પિયનશિપમાં કાંસ્ય ચંદ્રક જીતવા બદલ અર્જુન એરિગૈસીને અભિનંદન પાઠવ્યા છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે અર્જુનની કુશળતા , ધીરજ અને જુસ્સો અનુકરણીય છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે તેમની સફળતાઓ યુવાનોને પ્રેરણા આપતી રહેશે.

. . . . . . . . . . . . . . .

# SHIVRAJ-PUNJAB-CORRUPTION

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પંજાબમાં મનરેગા સહિત અનેક યોજનાઓમાં મોટા પાયે ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો છે. ગઈકાલે ભોપાલમાં એક પત્રકાર પરિષદ દરમિયાન શ્રી ચૌહાણે આરોપ લગાવ્યો હતો કે નાણાકીય ઉચાપતના લગભગ **10** હજાર **653** કેસ સામે આવ્યા છે , પરંતુ રાજ્ય સરકાર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

મંત્રીએ આરોપ લગાવ્યો હતો કે મનરેગા હેઠળ મંજૂરી ન હોય તેવી પ્રવૃત્તિઓ પર અનિયમિત ખર્ચ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે , કામદારોએ ફરિયાદ કરી હતી કે તેમને તેમનો પગાર ચૂકવવામાં આવી રહ્યો નથી. મંત્રીએ દાવો કર્યો હતો કે પંજાબમાં **13** હજાર **304** પંચાયતોમાંથી ફક્ત **5** હજાર **915** માં સામાજિક ઓડિટ કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . .

# JAISHANKAR-KHALEDA ZIA

બાંગ્લાદેશના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અને બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી ( **BNP)** ના અધ્યક્ષ બેગમ ખાલિદા ઝિયા ની અંતિમ વિધિમાં હાજરી આપવા માટે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજે સવારે ઢાકા પહોંચ્યા.

ડૉ. જયશંકરને લઈ જતી એક ખાસ ફ્લાઇટ આજે ઢાકાના હઝરત શાહજલાલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર ઉતરી હતી. બાંગ્લાદેશમાં ભારતીય હાઈ કમિશનર પ્રણય વર્મા અને ભારતીય હાઈ કમિશનના અન્ય વરિષ્ઠ અધિકારીઓએ તેમનું સ્વાગત કર્યું.

ખાલિદા ઝિયાની અંતિમ વિધિ બપોરે 2 વાગ્યે રાજધાનીના માનિક મિયા એવન્યુ ખાતે થશે. સ્વર્ગસ્થ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ને અંતિમ શ્રદ્ધાંજલિ આપવા માટે વિદેશી મહાનુભાવો, રાજકીય નેતાઓ અને ઘણા દેશોના પ્રતિનિધિઓ અંતિમ સંસ્કારમાં હાજરી આપે તેવી અપેક્ષા છે.

સાંભળીએ એક અહેવાલ

**(વોઇસ કાસ્ટ : નવલસંગ પરમાર , ઢાકા )**

. . . . . . . . . . . . . . . . . . . . . .

# CBSE-DATES

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) એ ધોરણ 10 અને 12 ની બોર્ડ પરીક્ષાઓની સુધારેલી તારીખો જાહેર કરી છે.

CBSE ના જણાવ્યા અનુસાર, ધોરણ 10 ના વિદ્યાર્થીઓની પરીક્ષા, 11 માર્ચે યોજાશે, જે અગાઉ આગામી વર્ષની 3 માર્ચે યોજાવાની હતી, જ્યારે ધોરણ 12 ની પરીક્ષાની તારીખ 10 એપ્રિલ કરવામાં આવી છે, જે 3 માર્ચ, 2026 ના રોજ યોજાવાની હતી.

બોર્ડે જણાવ્યું કે વહીવટી કારણોસર તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

. . . . . . . .

# CHAMAULI – TRAIN ACCIDENT

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં વિષ્ણુગઢ હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટના પીપલકોટી ખાતે ટનલ બોરિંગ મશીન સ્થળ પર લોકો ટ્રેન અથડાઇ જેમાં 12 લોકો ઘાયલ થયા હતા. બે લોકો ટ્રેનો - એક મુસાફરોને લઈ જતી હતી અને બીજી સામગ્રી (કાટમાળ) લઈ જતી હતી - પ્રોજેક્ટ ટનલની અંદર અથડાઈ.

TBM ટનલ બોરિંગ મશીનની અંદર કામ કરતા ઘણા કામદારો ઘાયલ થયા હતા. ટકરાવને કારણે પ્રોજેક્ટ સાઇટ પર અફડાતફડી મચી ગઈ. ઘટનાની માહિતી મળતાં, THDC મેનેજમેન્ટ અને જિલ્લા વહીવટીતંત્રની ટીમ ઘટનાસ્થળે પહોંચી અને બચાવ કામગીરી શરૂ કરી.

ઘાયલોને સ્વામી વિવેકાનંદ હોસ્પિટલ , પીપલકોટી અને જિલ્લા હોસ્પિટલ , ગોપેશ્વર લઈ જવામાં આવ્યા. અહેવાલો અનુસાર, આશરે 10 ઘાયલોને નાની-મોટી ઇજાઓ થઈ હતી.

. . . . . . . . .

# FOG - TRAIN AND FLIGHT

દેશના ઉત્તરીય ભાગોમાં ગાઢ ધુમ્મસના કારણે આજે ટ્રેન અને હવાઇ મુસાફરી ખોરવાઇ હતી. દિલ્હી રેલવે વિભાગના જણાવ્યા અનુસાર , દિલ્હી જતી 50 થી વધુ ટ્રેનો મોડી ચાલી રહી છે. તેવી જ રીતે , ખરાબ હવામાનને કારણે હવાઈ મુસાફરીને પણ અસર થઈ છે.

દિલ્હી એરપોર્ટના અહેવાલ મુજબ , ધુમ્મસવાળા હવામાન અને નબળી દૃશ્યતાને કારણે આજે 148 ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે. રદ કરાયેલી ફ્લાઇટ્સમાંથી 78 આગમન અને 70 પ્રસ્થાન ફ્લાઇટ્સ હતી.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે એરલાઇન્સને સમયસર માહિતી, વિલંબ દરમિયાન સહાય, રિબુકિંગ અથવા રિફંડ સહિત મુસાફરોના સેવા ધોરણોનું કડક પાલન કરવા સૂચના આપી છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે મુસાફરોની સલામતી અને સુવિધા ટોચની પ્રાથમિકતામાં રહે છે. તેણે મુસાફરોને એરલાઇન દ્વારા આપવામાં આવતી સૂચનાથી અપડેટ રહેવા અને એરપોર્ટની પ્રક્રિયાઓ માટે વધારાનો સમય આપવા માટે સૂચન કર્યું છે.

. . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

**........**

# MURUGAN - CALENDAR LAUNCH

માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને નવી દિલ્હીમાં 2026ના કેલેન્ડર નું લૉંચિંગ કર્યું. આ તકે તેઓએ જણાવ્યું કે આ વર્ષે સરકારે અનેક સીમાચિહ્નરૂપ સુધારાઓ હાથ ધર્યા છે ,જે વિકસિત ભારત 2047 તરફ દેશની રાષ્ટ્રીય યાત્રામાં મહત્વપૂર્ણ પ્રકરણો ઉમેરે છે.

તેમણે કહ્યું કે આ સુધારાઓ સમાવેશી વિકાસ સુનિશ્ચિત કરવા ,આર્થિક સ્થિરતા વધારવા અને દેશના લાંબા ગાળાના વિકાસ માટે ટકાઉ પાયો નાખવાના સ્પષ્ટ ઉદ્દેશ્ય દ્વારા સંચાલિત છે.

આ પ્રસંગે બોલતા , માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજુએ જણાવ્યું કે કેલેન્ડર કાળજીપૂર્વક ડિઝાઇન કરવામાં આવ્યું છે અને સરકારની પ્રાથમિકતાઓને પ્રતિબિંબિત કરે છે અને સરકાર માટે સંચાર માધ્યમ તરીકે વિકસિત થયું છે.

. . . . . . . . . . . .

# MUMBAI ALERT

31મી ડિસેમ્બર અને નવા વર્ષના આગમનની ઉજવણી સલામત રીતે થાય તે માટે મુંબઇ પોલીસ સજ્જ છે. નવા વર્ષની ઉજવણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે 17 હજારથી વધુ પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે.

તાત્કાલિક સહાયની જરૂર હોય તો, લોકોને પોલીસ હેલ્પલાઇન નંબર 100 અથવા 112 પર સંપર્ક કરવાની પોલીસ દ્વારા સલાહ આપવામાં આવી છે.. મુંબઇ પોલીસના ઓપરેશનના ડીસીપી અકબર પઠાણે કહ્યું હતું કે મુંબઇ પોલીસ મોડીરાત દરમિયાન ખડેપગે રહેશે.

## બાઇટ- અકબર પઠાણ , ડીસીપી, મુંબઇ પોલીસ

. . . . . . . . .

# SHARE MARKET

બેન્કિંગ, ઉર્જા, ધાતુ જેવા ક્ષેત્રોના શેરોની આગેકૂચના પગલે ભારતીય શેરબજારમાં આજે વર્ષના છેલ્લા દિવસના છેલ્લા સેશનમાં તેજીનો માહોલ જોવા મળ્યો હતો.

ભારતીય અને વિદેશી રોકાણકારોના ઉત્સાહના પગલે સેન્સેક્સ 600 કરતાં વધુ અને નિફ્ટીમાં 200 અંકોનો ઉછાળો નોંધાયો હતો. હાલમા પણ શેરબજારમાં તેજીનો માહોલ પ્રવર્તી રહ્યો છે.

. . . . . . . . . . . . . .

# IMD - WEATHER

હવામાન વિભાગે બિહારમાં ભારે ઠંડી પડવાની આગાહી કરી છે.પૂર્વી ઉત્તર પ્રદેશ અને હિમાચલ પ્રદેશમાં પણ આવી જ સ્થિતિ રહેશે. પૂર્વોત્તર રાજ્યો , પશ્ચિમ બંગાળ અને ઉત્તરાખંડમાં ગાઢ ધુમ્મસ છવાયેલું રહેવાની શક્યતા છે. હિમાચલ પ્રદેશ, ઉત્તરી કર્ણાટક અને તેલંગાણામાં ઠંડીનું મોજું યથાવત રહેશે.

રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં ગાઢ ધુમ્મસને કારણે રેલ વ્યવહાર પ્રભાવિત થયો છે. લગભગ 25 ટ્રેનો 3 કલાકથી વધુ મોડી ચાલી રહી છે.

આ દરમિયાન, દિલ્હી-એનસીઆરમાં આજે સવારે 7 વાગ્યા સુધીમાં રાષ્ટ્રીય રાજધાનીનો સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક 383 નોંધાયો હતો.

. . . . . . . . . . . . . .

# UTTARAKHAND - COLD AND SNOW

હવામાન વિભાગે આજે ઉત્તરાખંડના કેટલાક વિસ્તારોમાં ભારે ઠંડી અને હિમવર્ષાની ચેતવણી જારી કરી છે. અધિકારીઓએ લોકોને મુસાફરી કરતા પહેલા હવામાન વિભાગ દ્વારા અપાયેલી ચેતવણી તપાસવા વિનંતી કરી છે. પ્રતિકૂળ હવામાનને કારણે નૈનિતાલ , હરિદ્વાર અને ઉધમસિંહ નગર જિલ્લાઓમાં આજે તમામ શાળાઓ અને આંગણવાડી કેન્દ્રો બંધ રાખવામાં આવ્યા છે.

દરમિયાન, હવામાન વિભાગે હરિદ્વાર , ઉધમ સિંહ નગર , નૈનિતાલ, ચંપાવત, પૌરી અને દેહરાદૂન જિલ્લામાં આગામી ત્રણ દિવસ ગાઢ ધુમ્મસ માટે ઓરેન્જ એલર્ટ પણ જારી કર્યું છે.

. . . . . . . . . . .

# J&K - SNOWFALL

જમ્મુ અને કાશ્મીરમાં નબળા પશ્ચિમી વિક્ષોભને કારણે ઉત્તર કાશ્મીરના કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ અને બરફવર્ષા થઈ રહી છે. ગઈકાલે ગુલમર્ગ, સાધના ટોપ અને તુલાઈલ ખીણના ઉપરના વિસ્તારોમાં બરફવર્ષા થઈ હતી.

હવામાન વિભાગે આજે રાતથી આવતીકાલ સુધી જમ્મુ કશ્મીરમાં ઘણી જગ્યાએ વરસાદ અને બરફવર્ષાની આગાહી કરી છે.

. . . . . . .

# MUMBAI-BMC ELECTION

બૃહન્દ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આગામી મહિનાની 15મી તારીખે 227 બેઠકો માટે ચૂંટણી યોજાશે. રાજ્ય ચૂંટણી પંચ મુજબ , પ્રાદેશિક અધિકારીઓ દ્વારા કુલ 11 હજાર 392 ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેમાંથી 2 હજાર 516 ફોર્મ જમા કરવામાં આવ્યા હતા.

ચૂંટણી પંચે મુંબઈના 26 વહીવટી વોર્ડમાં 23 રિટર્નિંગ અધિકારીઓની નિમણૂક કરી છે. ભાજપ , શિવસેના (શિંદે), કોંગ્રેસ, એનસીપી અને અન્યોએ તેમના ઉમેદવારોની જાહેરાત કરી છે.ઉલેખનીય છે, 2 જાન્યુઆરીએ ઉમેદવારી પત્રો પાછા ખેંચવા અને 3 જાન્યુઆરી સુધીમાં ઉમેદવારી પત્રોની ચકાસણી પૂર્ણ થશે.

. . . . . . .